ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાત

## જાહેર નોટીસ

**ગુજરાતમાં કાર્યરત બાયોમાસ અને બગાસ આધારિત ઊર્જા ઉત્પાદકો પાસેથી ઊર્જા ખરીદવા માટે નવા સમયગાળા દરમિયાન ના શુલ્ક નકકી કરવા અંગેનો ડ્રાફ્ટ ઓર્ડર બાબતે.**

આયોગે ગુજરાતમાં કાર્યરત બાયોમાસ અને બગાસ આધારિત ઊર્જા ઉત્પાદકો પાસેથી ઊર્જા ખરીદવા માટેના શુલ્ક નકકી કરવા માટેનો હુકમ નં ૧/૨૦૧૮ તારીખ ૧૫.૦૩.૨૦૧૮ ના રોજ પસાર કરેલ છે. આ હુકમ નો નિયંત્રણ સમયગાળો ૩૧.૦૩.૨૦૨૦ સુધીનો છે.

આયોગ દ્વારા નવા સમયગાળા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ માટે યોગ્ય શુલ્ક નકકી કરવા અંગેનો ડ્રાફ્ટ ઓર્ડર તૈયાર કરવામાં આવેલ છે.

જે આયોગની વેબસાઇટ (www.gercin.org) ઉપર વાંધા/સૂચનો મંગાવવા અર્થે મૂકવામાં આવેલ છે. ઉપરના ડ્રાફ્ટ ઓર્ડર સંબંધમાં જેમને તેમના વાંધા/સૂચનો રજૂ કરવામાં રસ હોય તેવી વ્યક્તિઓ, તેઓ જેના પર આધાર રાખવા માગતા હોય તેમને આથી જાણ કરવામાં આવે છે કે તે એફિડેવિટથી યોગ્ય રીતે સમર્થિત દસ્તાવેજોની પાંચ નકલ સાથે સાથે તા. **૨૭/૦૩/૨૦૨૦** પહેલાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૦૩૫૫, ગુજરાત ને રજૂ કરી શકશે. આ માટેની સુનાવણીની તારીખ **૩૦/૦૩/૨૦૨૦** ના રોજ **૧૧:૩૦ વાગ્યે** નક્કી કરેલ છે.

**સહી/-**
(રૂપવંત સિંહ, આઇ.એ.એસ)
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૧/૦૩/૨૦૨૦.